# એશિયાડમાં ભારત માટે ગોલ્ડની રાહ લંબાઇ, શૂટર્સે સિલ્વર અપાવ્યો, હોકીમાં પ્રભુત્વ યથાવત

**મિક્સ્ડ** માર્શલ આર્ટ્સમાં પ્રથમ ઐતિહાસિક મેડલ મળ્યો પણ તે દિલ તોડનારી ઘટના બની રહી

**હોકી**, બેડમિન્ટન અને ટેબલટેનિસ ટીમોની વિજય યાત્રા જળવાઇ રહી, કબડ્ડી ટીમ પણ તેમાં જોડાઇ

**સ્વિમીંગમાં** ભારતનું પ્રદર્શન નિરાશાજનક જ રહ્યું, સાથે જ સોફ્ટ બોલ ટેનિસમાં પણ નિરાશા સાંપડી

*નાગોયા, તા. 21 (PTI) : સોમવારે અહીં એશિયન ગેમ્સમાં મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA)માં ભારતનો સૌપ્રથમ મેડલ ઇતિહાસ રચવા કરતાં દિલ તોડનારી ઘટના વધુ બની ગયો હતો. જેમાં ભારતની સુચિકા તારિયાલનું વજન માત્ર 700 ગ્રામ વધારે હોવાને કારણે તે આગળના રાઉન્ડમાં જઇ શકી નહોતી અને તેના કારણે બ્રોન્ઝ જીતવા છતાં તે મેટ પર રડી પડી હતી, તેનો બ્રોન્ઝ આ કોમ્બેટ સ્પોર્ટમાં ભારતનો સૌપ્રથમ મેડલ હતો. આજના દિવસે ભારતને ગોલ્ડ મેડલ ન મળ્યો પણ શૂટિંગ રેંજમાંથી સતત બીજા દિવસે મેડલ આવવાનું ચાલુ રહ્યું હતું. શૂટિંગમાં ભારતની જોળીમાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મળીને ત્રણ મેડલ ઉમેરાયા હતા. સાથે જ હોકી, ટેબલ ટેનિસ અને બેડમિન્ટન ટીમે પોતાની વિજય યાત્રા જાળવી રાખી હતી અને કબડ્ડી ટીમે પણ જીત મેળવીને તેમાં જોડાઇ હતી. ગોલ્ડ મેડલની રાહ ચાલુ રહી, પણ ભારતની કુલ મેડલ સંખ્યા 4 સિલ્વર અને 2 બ્રોન્ઝ સાથે કુલ છ થઇ હતી. જોકે, સ્વિમિંગમાં ભારતનું પ્રદર્શન નબળું જ રહ્યું હતું. શ્રીહરિ નટરાજે એશિયન ગેમ્સની 50m બેકસ્ટ્રોક ફાઇનાલમાં નિરાશાજનક 10મું સ્થાન મેળવ્યું હતું, કારણ કે ભારતીય તરણવીરો માટે વધુ એક ભૂલવા જેવો દિવસ રહ્યો હતો અને તેમાંથી મોટા ભાગના હીટ્સથી આગળ વધવામાં નિષ્ફળ રહ્યા હતા. સોફ્ટ ટેનિસમાં પણ નિરાશા સાંપડી હતી, જ્યાં ફિલિપાઇન્સના ક્રિસ્ટી સાનોસા અને શેરવિન રે નુગ્યુઇટ સામે 2-5 થી સખત લડત આપ્યા બાદ રાઉન્ડ ઓફ 16 માં આદ્ય તિવારી અને જય મીનાનું મિશ્ર ડબલ્સ ઇવેન્ટમાં આશાસ્પદ અભિયાન સમાપ્ત થઈ ગયું હતું.*

## શૂટીંગ : પુરુષોની 10 મીટર એર રાઇફલમાં ડબલ પોડિયમ, ટીમ ઇવેન્ટમાં સિલ્વર

**હિમાંશુ** ઢિલ્લોન અને રુદ્રાંક્ષ પાટીલે સિલ્વર અને બ્રોન્ઝ જીત્યો, ટીમ ઇવેન્ટમાં પાર્થ માને સાથે મળીને સિલ્વર મેડલ જીતતા શૂટિંગમાં ભારતની મેડલ ટેલિ પાંચ થઇ



નાગોયા, તા 21 (PTI) : સોમવારે અહીં એશિયન ગેમ્સમાં પુરુષોની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં યુવા શૂટર્સ હિમાંશુ ઢિલ્લોન અને રુદ્રાંક્ષ પાટીલે રોમાંચક શૂટઆઉટમાં મક્કમતા દર્શાવીને અનુક્રમે વ્યક્તિગત સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ સાથે જ આ જોડીએ ટીનએજર પાર્થ માને સાથે મળીને ટીમ સ્પર્ધામાં પણ સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ ત્રણ મેડલ સાથે શૂટિંગ રેન્જ પર ભારતની મેડલ સંખ્યા વધીને 4 સિલ્વર અને 1 બ્રોન્ઝ મળીને પાંચ થઇ છે.

ચીનના પેરિસ ઓલિમ્પિક્સના ડબલ ગોલ્ડ મેડલિસ્ટ શેંગ લિહાઓએ 254.2 ના સ્કોર સાથે ગેમ્સ અને એશિયન રેકોર્ડ બનાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે સોમવારે જ પોતાનો 21મો જન્મદિવસ ઉજવી રહેલા હિમાંશુએ 252.4 નો સ્કોર કરીને સિલ્વર મેડલ મેળવ્યો હતો. મજબૂત શરૂઆત બાદ ટોચના સ્થાન માટે દાવેદાર દેખાતો રુદ્રાંક્ષ 230.9 ત્રીજા સ્થાને રહ્યો હતો.

પોતાની પ્રથમ એશિયન ગેમ્સ રમી રહેલા હિમાંશુ, માજી વર્લ્ડ ચેમ્પિયન રુદ્રાંક્ષ અને 18-વર્ષીય માનેની ટીમે ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યાના માંડ એક કલાક પછી વ્યક્તિગત મેડલ આવ્યા હતા. શેંગ, ચાંગહોંગ ઝાંગ અને સિહાન મા ની ચીની ત્રિપુટીએ 1899.0 પોઈન્ટ્સ મેળવીને ગયા વર્ષે કાહિરામાં બનાવેલા પોતાના જવર્લ્ડ રેકોર્ડમાં સુધારો કર્યો હતો. સાઉથ કોરિયાએ 1884.2 સાથે બ્રોન્ઝ જીત્યો હતો.

## ટેબલ ટેનિસ : ભારતની બંને ટીમ પાકિસ્તાનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં

**મહિલા** અને પુરુષ બંને ટેબલ ટેનિસ ટીમોએ પાકિસ્તાન પર એક સમાન 3-0થી જીત મેળવી

ટોયોટા, તા. 21 (પીટીઆઈ) : ભારતની પુરુષ અને મહિલા ટેબલ ટેનિસ ટીમોએ આજે સોમવારે અહીં પોતપોતાના પાકિસ્તાની હરીફો પર 3-0 થી એક સમાન જીત નોંધાવીને એશિયન ગેમ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સ્કાય હોલ ખાતે, ભારતીય મહિલા ટીમે ગ્રુપ F માં ટોચ પર રહીને સતત ત્રીજી જીત નોંધાવી.

હાંગઝોઉ એશિયન ગેમ્સમાં મહિલા ડબલ્સ બ્રોન્ઝ મેડલ જીતનાર સુતીર્થા મુખર્જીએ અલીના ખાનને માત્ર 10 મિનિટમાં 11-3, 11-3, 11-4થી હરાવીને ભારતને શાનદાર શરૂઆત અપાવી. ત્યારબાદ 17 વર્ષની સિન્ડ્રેલા દાસે કલસુમ ખાનને 11-6, 11-7, 11-5થી હરાવી તે પછી શ્રીજા અકુલાએ ફાતિમા ખાનને માત્ર 11 મિનિટમાં 11-4, 11-4, 11-5થી હરાવીને ટીમને અંતિમ આઠમાં પહોંચાડી દીધી.

બાદમાં, ભારતીય પુરુષ ટીમે ઈરાન સામેની પાછલી મેચમાં મળેલી હાર બાદ શાનદાર વાપસી કરીને પાકિસ્તાનને 3-0થી હરાવ્યું. હરમીત દેસાઈએ પહેલી મેચમાં પાકિસ્તાનના મોહમ્મદ ખાન પર 3-0થી વિજય મેળવીને ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી, કેપ્ટન જી. સથિયાને અબ્બાસ ખાન પર 3-0 થી જીત નોંધાવી હતી. ત્રીજી મેચમાં, પાયસ જૈને મોહમ્મદ ખાનને 3-0 થી હરાવીને ભારતને ફરીથી વિજયી ટ્રેક પર લાવી દીધું.

## એશિયાડ હોકી : ભારતીય મહિલા ટીમે ઇન્ડોનેશિયાને 17-1 થી કચડી નાખ્યું

**દીપિકા** સેહરાવત, ઋતુજા દાદાસો પીસાળ અને નવનીત કૌરની ત્રિપુટીએ હેટ્રિક ફટકારી



કાકામિગાહારા, તા. 21 (પીટીઆઈ) : યુવા ફોરવર્ડ દીપિકા સેહરાવત, ઋતુજા દાદાસો પીસાળ અને નવનીત કૌરની ત્રિપુટીએ હેટ્રિક ફટકારતાં ભારતીય મહિલા હોકી ટીમે આજે સોમવારે અહીં એશિયન ગેમ્સમાં ઈન્ડોનેશિયાને 17-1 થી હરાવીને પૂલ B માં પોતાની સતત બીજી જીત નોંધાવી હતી.

ઓપનિંગ મેચમાં ઉઝબેકિસ્તાન સામે ભારતની 19-0 ની જીતમાં 8 ગોલ કરનાર 22 વર્ષીય દીપિકાએ 8મી, 28મી, 40મી મિનિટે ત્રણ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યા હતા, જ્યારે ઋતુજાએ 15મી, 20મી, 38મી મિનિટે ફીલ્ડ પ્લેથી ત્રણ ગોલ કર્યા હતા. નવનીતના ગોલ 35મી, 56મી અને 57મી મિનિટે આવ્યા હતા. આ ઉપરાંત, સુનેલિતા ટોપ્પોએ 11મી, 30મી, લાલરેમ્સિયામી 12મી, 16મી અને સાક્ષી રાણા 25મી, 57મી મિનિટે 2-2 ગોલ કર્યા હતા, જ્યારે કેપ્ટન સલીમા ટેટેએ 35મી અને ઈશિકા ચૌધરી 36મી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. ઈન્ડોનેશિયા તરફથી એકમાત્ર ગોલ 32મી મિનિટે ઈનેસ આદિત્યાએ કર્યો હતો. ભારતીય ટીમ હવે બુધવારે થાઈલેન્ડ સામે રમશે.

### સવિતા પુનિયા સૌથી વધુ ઇન્ટરનેશનલ હોકી મેચ રમનારી ભારતીય મહિલા ખેલાડી બની



કાકામિગહારા, તા. 21 : ભારતીય હોકીની દિવાલ તરીકે ઓળખાતી ગોલકીપર સવિતા પુનિયા સોમવારે 321 આંતરરાષ્ટ્રીય મેચો સાથે ભારત માટે સૌથી વધુ કેપ્ડ મહિલા હોકી ખેલાડી બની ગઈ, અને તેણે વંદના કટારિયાનો રેકોર્ડ તોડ્યો. સવિતાએ એશિયન ગેમ્સમાં ઇન્ડોનેશિયા સામે પૂલ બીના બીજા મેચમાં આ સિદ્ધિ મેળવી હતી, જેમાં ભારતે 17-1થી જીત મેળવી હતી. આ સિદ્ધિ બદલ હોકી ઇન્ડિયાએ તેને 10 લાખ રૂપિયાના રોકડ ઇનામની જાહેરાત કરી છે. માજી કેપ્ટન અને ત્રણ વખત FIH ગોલકીપર ઓફ ધ યર (2020, 2021, 2023) રહી ચૂકેલી સવિતાએ 2009 માં આંતરરાષ્ટ્રીય હોકીમાં પ્રવેશ કર્યો હતો અને અત્યાર સુધીમાં ત્રણ ઓલિમ્પિક, ત્રણ વર્લ્ડ કપ અને બે એશિયન ગેમ્સમાં ભાગ લીધો છે.

## એશિયાડ MMA : ડ્રો પછી વજનના નિયમથી સુચિકાએ બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો

**સુચિકા** તારિયાલનું વજન 700 ગ્રામ વધુ હોવાથી સિંગાપોરની હરીફ હુઇ હુન ટીઓ વિજેતા જાહેર થઇ



સિંગાપોરની હરીફ હુઈ હુન ટીઓ કરતાંનાગોયા, તા. 21 (PTI) : એશિયન ગેમ્સની મહિલા ટ્રેડિશનલ 60 કિગ્રા મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA) ઈવેન્ટમાં આજે સોમવારે ભારતની સુચિકા તારિયાલ અને સિંગાપુરની હુઈ હૂન ટીઓ વચ્ચેની કડક સ્પર્ધાત્મક મેચ ડ્રો થયા બાદ સુચિકાનું માત્ર 700 ગ્રામ વધુ વજનને કારણે સેમી ફાઈનલ હારતા તેણે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

ગેમ્સની 20મી એડિશનમાં ડેબ્યુ કરનાર આ રમતમાં ભારતનો આ પહેલો મેડલ હતો. જોકે, ટીવાના પક્ષમાં આખરી નિર્ણય જાહેર થતાં જ સુચિકા આ પરિણામથી ભાંગી પડીને મેટ પર જ ખૂબ રડી પડી હતી. હરિયાણાના રોહતક જિલ્લાના કિલોઈ ગામની વતની 36 વર્ષીય સુચિકા 2024ની જિયુ-જિત્સુ વર્લ્ડ ચેમ્પિયન છે. તેણે 2022 કોમનવેલ્થ ગેમ્સમાં જુડોમાં અને 2022 એશિયન ગેમ્સમાં કુરાશ ફાઈટર તરીકે દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ રોમાંચક મુકાબલો શરૂઆતમાં ટીઓના પક્ષમાં આપવામાં આવ્યો હતો પરંતુ ભારત દ્વારા પડકારતા છ જજ દ્વારા સ્પ્લિટ નિર્ણય આપતાં પરિણામ ડ્રો જાહેર કરાયું હતું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય ફેડરેશનના નિયમો અનુસાર સવારના વેઈ-ઈન (વેઈંગ) દરમિયાન ફાઈટર્સના વજનના આધારે વિજેતા નક્કી થઈ હતી અને સિંગાપુરની ખેલાડીનું વજન સુચિકા કરતાં માત્ર 700 ગ્રામ ઓછું હોવાથી, તેને વિજેતા બનીને ફાઈનલમાં પહોંચી ગઈ. સુચિકાને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો. સવારે સુચિકાનું વજન લગભગ 59.2 કિગ્રા હતું જ્યારે તેની વિરોધી ખેલાડીનું વજન 58.5 કિગ્રા હતું.

## બાંગ્લાદેશને હરાવી ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમ ક્વાર્ટર ફાઇનલમાં

**ભારતની** પુરુષ અને મહિલા બંને ટીમ ક્વાર્ટર ફાઇનલમાં યજમાન જાપાન સામે રમશે

ઈચિનોમિયા (જાપાન), તા. 21 (PTI) : ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમે સોમવારે અહીં બાંગ્લાદેશને 3-0થી હરાવીને એશિયન ગેમ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. લક્ષ્ય સેન, આયુષ શેટ્ટી અને કે શ્રીકાંતની ત્રિપુટીએ શાનદાર પ્રદર્શન કરતા એક પણ ગેમ ગુમાવ્યા વગર મંગળવારે યજમાન જાપાન સામેની ટક્કર નક્કી કરી હતી. મહિલા ટીમ પણ ક્વાર્ટર ફાઈનલ સ્ટેજમાં જાપાન સામે જ રમશે.

સોમવારે સૌથી પહેલા કોર્ટ પર ઉતરેલા લક્ષ્ય સેનનો સામનો ઈબ્ન અયમન જમાન સામે હતો. તેણે અડધા કલાકથી પણ ઓછા સમયમાં 21-4, 21-12થી વિજય મેળવીને ભારત માટે મેચની સફળ શરૂઆત કરી હતી. તે પછી આયુષ શેટ્ટીનો સામનો ગૌરવ સિંહ સામે થયો અને તેણે પણ 25 મિનિટમાં 21-4, 21-13થી વિજય મેળવીને દેશ માટે વધુ એક સરળ જીત નોંધાવી હતી અને શ્રીકાંતે ઝુમર અલ અમીન સામે 23 મિનિટની મેચમાં 21-15, 21-9થી ભવ્ય વિજય મેળવીને એ સુનિશ્ચિત કર્યું કે ડબલ્સ મેચો રમાડવાની જરૂર જ ન પડે. મેચ પછી લક્ષ્યના વિરોધી ખેલાડીએ તેની સાથે સેલ્ફી માગી હતી. આ ક્ષણ વિશે વાત કરતા લક્ષ્યે કહ્યું કે તે ખેલાડીઓ વચ્ચે કોર્ટની બહાર રહેલી મિત્રતા દર્શાવે છે.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમાંક | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 23 | 10 | 5 | 38 |
| 2 | જાપાન | 8 | 12 | 12 | 32 |
| 3 | કોરિયા | 5 | 3 | 15 | 23 |
| 4 | કઝાકિસ્તાન | 4 | 1 | 3 | 8 |
| 5 | થાઈલેન્ડ | 3 | 1 | 0 | 4 |
| 6 | હોંગકોંગ | 2 | 3 | 3 | 8 |
| 7 | ચાઈનીઝ તાઈપેઈ | 1 | 3 | 2 | 6 |
| 8 | મકાઉ | 1 | 3 | 0 | 4 |
| 9 | મ્યાનમાર | 1 | 1 | 1 | 3 |
| 9 | ઉઝબેકિસ્તાન | 1 | 1 | 1 | 3 |
| 11 | કુવૈત | 1 | 0 | 2 | 3 |
| 12 | ભારત | 0 | 4 | 2 | 6 |

## એશિયાડ મહિલા ક્રિકેટ : આજે શ્રીલંકા સામે ફાઈનલ, ભારતની નજર ગોલ્ડ પર

**ભારતીય** મહિલા ટીમ એશિયન ગેમ્સ ક્રિકેટમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખવાના ઇરાદે મેદાને ઉતરશે

**સવારે** 10.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર



નિશિન (જાપાન), તા. 21 (PTI) : મંગળવારે અહીં રમાનારી વધુ એક એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટ ફાઈનલમાં ભારતીય મહિલા ટીમ જ્યારે શ્રીલંકા સામે મેદાને પડશે ત્યારે ખંડિય પ્રભુત્વ અકબંધ રાખીને ભારતની નજર વધુ એક ગોલ્ડ જીતવા પર રહેશે, જ્યારે ઉત્સાહી શ્રીલંકન ટીમ પણ મજબૂત પડકાર ફેંકવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.

ભારતીય મહિલા અને પુરુષ બંને ટીમો ફરીથી પોડિયમ પર ટોચનું સ્થાન મેળવે તે નિશ્ચિત માનવામાં આવે છે અને માત્ર એક ખૂબ જ ખરાબ દિવસ જ તેમને આમ કરતા રોકી શકે છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ જાપાન અને બાંગ્લાદેશ સામે શાનદાર જીત મેળવીને ફાઈનલમાં પહોંચી છે. આ મહિનાની શરૂઆતમાં એશિયા કપની ફાઈનલમાં શ્રીલંકાને હરાવ્યા બાદ, મંગળવારે ગોલ્ડ મેડલ જીતીને ભારત આ ક્ષેત્રમાં પોતાનું પ્રભુત્વ વધુ વધારવા માગશે.

શ્રીલંકાએ ભૂતકાળમાં ભારતને હરાવ્યું છે, પરંતુ તાજેતરના સમયમાં ભારત અને અન્ય એશિયન ટીમો વચ્ચેનું અંતર વધુ વધ્યું છે. કેપ્ટન ચમારી અટાપટ્ટુની 50 બોલમાં 82 રનની શાનદાર ઈનિંગની મદદથી શ્રીલંકાએ પાકિસ્તાન સામેના પડકારજનક લક્ષ્યાંકને પાર પાડ્યો હતો. તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહેલી ભારતીય ટીમને હરાવવા માટે શ્રીલંકાને ચોક્કસપણે આવા વધુ શ્રેષ્ઠ પ્રદર્શનની જરૂર પડશે. ઓપનિંગ બેટ્સમેનો, ખાસ કરીને શેફાલી વર્મા, ખૂબ જ આક્રમક ફોર્મમાં છે, જ્યારે ટીમ મેનેજમેન્ટ નંબર 3 ના સ્થાન માટે પ્રયોગો ચાલુ રાખી રહ્યું છે. કેપ્ટન હરમનપ્રીત કૌર એશિયા કપમાં પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં નહોતી અને તેના ચાહકો આશા રાખશે કે તે આ અત્યંત મહત્વપૂર્ણ ફાઈનલમાં પોતાના લયબદ્ધ અંદાજમાં વાપસી કરે. પ્રથમ 2 મેચોને ધ્યાનમાં લેતા, મોટાભાગની વિકેટો સ્પિનરોએ લીધી છે અને આ ટ્રેન્ડ ચાલુ રહેવાની ધારણા છે.

## ઝહીર ખાન બન્યો CSKનો નવો હેડ કોચ

**ધોનીએ** પોતાના પરિચિત વ્યક્તિને કોચ બનાવવાનો આગ્રહ રાખ્યો હોવાથી ઝહીરની પસંદગી થઇ

**ચેન્નાઇ** સુપર કિંગ્સ દ્વારા 'X' પર ઝહીર ખાન હેડ કોચ બન્યાની જાહેરાત કરી




ચેન્નાઈ, તા. 21 (PTI) : ચેન્નાઈ સુપર કિંગ્સે સોમવારે ભારતના પૂર્વ મહાન ફાસ્ટ બોલર ઝહીર ખાનને આગામી સીઝન માટે પોતાના નવા હેડ કોચ તરીકે નિયુક્ત કર્યો છે. ઝહીરે 18 સીઝન સુધી આ પદ પર રહેલા સ્ટીફન ફ્લેમિંગનું સ્થાન લીધું છે. સીએસકેએ 'X' પર જાહેરાત કરી હતી કે ચેન્નાઈ સુપર કિંગ્સના હેડ કોચ તરીકે ઝહીર ખાનનું સ્વાગત છે.

ફ્રેન્ચાઈઝી દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝમાં ઝહીરના હવાલેથી કહેવામાં આવ્યું હતું કે, આઈપીએલના ઈતિહાસની સૌથી સફળ ટીમોમાંથી એકનો ભાગ બનવું એ મારા માટે સન્માનની વાત છે. એક ક્રિકેટર તરીકે, મેં મેદાન પર સીએસકેનો સામનો કર્યો છે અને આ સ્પર્ધાઓનો ખૂબ આનંદ માણ્યો છે. ચેપોક ખાતે સુપરફેન્સ દ્વારા બનાવવામાં આવતું વાતાવરણ તેને વધુ ખાસ બનાવે છે. આવા સમૃદ્ધ ઈતિહાસ ધરાવતી લેગસી ફ્રેન્ચાઈઝી સાથે જોડાવા માટે હું હવે વધુ રાહ જોઈ શકતો નથી.

ટૂંક સમયમાં 48 વર્ષના થવા જઈ રહેલા ઝહીરે ભારત માટે 92 ટેસ્ટ, 200 વન ડે અને 17 ટી-20I મેચ રમી છે. તે 21 વિકેટ સાથે ઐતિહાસિક 2011 વર્લ્ડકપ અભિયાન દરમિયાન સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. ઝહીરે 2024 ની સીઝન દરમિયાન લખનૌ સુપર જાયન્ટ્સના મેન્ટોર તરીકે સેવા આપી હતી. એવું માનવમાં આવે છે કે એમએસ ધોની, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને માલિક રૂપા ગુરુનાથની બનેલી સીએસકેની ક્રિકેટ મેનેજમેન્ટ કમિટી આ વખતે ભારતીય કોચ ઈચ્છતી હતી.જો સીએસકે ટીમ મેનેજમેન્ટના નજીકના સૂત્રોનું માનીએ તો, ધોનીએ પોતાની પરિચિત વ્યક્તિને કોચ બનાવવાનો આગ્રહ રાખ્યો હતો.

## ભારતીય કબડ્ડી ટીમોની ટાઇટલ ડિફેન્સની વિજયી શરૂઆત

**ભારતીય** પુરુષ ટીમે જાપાનને 49-24થી અને મહિલા ટીમે બાંગ્લાદેશને 42-21થી હરાવ્યા



ટોકાઈ સિટી, તા. 21 (PTI) : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરૂષ અને મહિલા કબડ્ડી ટીમોએ આજે સોમવારે અહીં તેમની અનુક્રમે ઓપનિંગ મેચોમાં જાપાન અને બાંગ્લાદેશ સામે ભવ્ય વિજય મેળવીને એશિયન ગેમ્સના પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી હતી.

ગત આવૃત્તિની ગોલ્ડ મેડાલિસ્ટ ભારતીય પુરૂષ ટીમે તેની પ્રથમ ગ્રુપ મેચમાં યજમાન જાપાન સામે 49-24 થી ભવ્ય જીત મેળવીને પોતાના ટાઈટલ ડિફેન્સની શરૂઆત કરી હતી. દિવસ દરમિયાન બાદમાં, ભારતીય મહિલા ટીમે વિજયી શરૂઆત કરતા બાંગ્લાદેશના પડકારને 42-21 થી માત આપી હતી. પુરૂષોના મુકાબલામાં, ટોકાઈ સિટિઝન્સ જીમનેશિયમ ખાતે અયાન લોહચબ અને દેવાંક દલાલે રેડિંગ વિભાગમાં અસરકારક પ્રદર્શન કર્યું હતું, જેના કારણે ભારતે શરૂઆતથી જ દબદબો બનાવી રાખ્યો હતો અને હાફ-ટાઈમ સુધીમાં 31-9 ની લીડ મેળવી લીધી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયને ત્યારબાદ બીજા હાફમાં વધુ 18 પોઈન્ટ ઉમેર્યા હતા. ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશ સામે પોતાનો દબદબો જાળવી રાખવા માટે બંને હાફમાં એકસરખું પ્રદર્શન કર્યું હતું. હાફવે માર્ક પર ભારત 21-10 થી આગળ હતું અને બીજા હાફમાં મેટ પર પાછા ફરીને એટલા જ પોઈન્ટ ઉમેર્યા હતા.

## શ્રીહરિ નટરાજ સહિતના સ્વિમર્સનું નિરાશાજનક પ્રદર્શન

ટોક્યો, તા. 21 : ભારતીય સ્વિમર શ્રીહરિ નટરાજે સોમવારે અહીં એશિયન ગેમ્સમાં 50 મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટની ફાઈનલમાં નિરાશાજનક પ્રદર્શન કરીને 10મું સ્થાન મેળવ્યું. ભારતીય સ્વિમર્સ માટે આ બીજો નિરાશાજનક દિવસ હતો, જેમાં મોટાભાગના સ્વિમર્સ હીટ્સ તબક્કાથી આગળ વધવામાં નિષ્ફળ રહ્યા. બે વખતનો ઓલિમ્પિયન નટરાજ ફાઈનલમાં 25.52 સેકન્ડનો સમય લઈને છેલ્લા સ્થાને રહ્યો. પચીસ વર્ષીય નટરાજ પોતાની ત્રીજી એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહ્યો છે. આ ઈવેન્ટમાં તેનો વ્યક્તિગત શ્રેષ્ઠ સમય 25.18 સેકન્ડ છે, જે તેણે જૂન 2021 માં બેલગ્રેડમાં હાંસલ કર્યો હતો. તેના સિવાય ઋષભ દાસ, આકાશ મણિ, ગીતેશ શાહ વ્યક્તિગત સ્પર્ધામાં અને સાજન પ્રકાશ, દક્ષન શશીકુમાર, વેદાંત માધવન અને અનીશ સુનિલની ભારતીય ટીમ પણ પુરુષોની 4x200 મીટર ફ્રીસ્ટાઈલ રિલેની ફાઈનલ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી.

અનુસંધાન... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

સુધીનો સીલબંધ કોરિડોર કોઈપણ સંજોગોમાં ખાલી અને સંપૂર્ણ સુરક્ષિત હતો જ, તેથી આ રૂટ પર થોડી વધુ મંત્રીઓની ગાડીઓ હોત તો કોઈ મોટો ફરક પડ્યો ન હોત.

**રાજદ્વારી અપવાદો અને ઉચ્ચ સ્તરીય મુલાકાતો**

૨૦૧૨થી વિદેશ મંત્રાલય સુરક્ષા એજન્સીઓની હાજરી વચ્ચે આવતા વિદેશી વડાઓ અને વિપક્ષી રાજકીય નેતાઓ અથવા કાર્યકરો વચ્ચેની મુલાકાતો પર પ્રતિબંધ મૂકવાની નીતિનું પાલન કરતું આવ્યું છે, પરંતુ તાજેતરની બ્રિક્સ સમિટ માટે સરકારે સમજ્યું કે તેના વિદેશ સંબંધોના ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે અપવાદો કરવા પડશે. મલેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને એઆઈસીસીના મહાસચિવ તથા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે નાસ્તો કરવાની મંજૂરી આપવામાં આવી હતી, અને તેમણે તેમની વાતચીતનું ટ્વીટ કરીને ગાંધીનું વર્ણન એક સારા મિત્ર તરીકે કર્યું હતું જેમણે તેમને વર્તમાન બાબતો અને વિદેશી મુદ્દાઓ પર માહિતી આપી હતી. ઇબ્રાહિમ કોંગ્રેસના આભારી છે. કારણ કે, જ્યારે તેઓ તેમના દેશમાં જેલમાં હતા, ત્યારે તત્કાલીન વડા પ્રધાન ડો. મનમોહન સિંહે તેમના પુત્રોના વિદેશમાં અભ્યાસની સુવિધા આપવાની ઓફર કરી હતી. એક ચુસ્ત મુસ્લિમ એવા ઇબ્રાહિમ માટે કેરળમાં ઇસ્લામિક ધર્મગુરુઓની મુલાકાત લેવા માટે પણ અપવાદ કરવામાં આવ્યો હતો. દરમિયાન, ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનની વિનંતી પર વિવાદાસ્પદ હુરિયતના કોન્ફરન્સના નેતા મિર્વાઈઝ ઉમર ફારૂક, જેમને કાશ્મીરમાં વારંવાર અટકાયતમાં લેવામાં આવ્યા છે, તેમને દિલ્હીમાં ઇરાની દૂતાવાસ દ્વારા તેમના રાષ્ટ્રપતિના સ્વાગતમાં આયોજિત રાજદ્વારી રીસેપ્શનમાં હાજરી આપવાની મંજૂરી આપવામાં આવી હતી. બાદમાં, મિર્વાઈઝે ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સાથે લાંબી વાતચીત કરી હતી.

### ભારતીય સૈન્યના...

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલા આ પાવર યુનિટ્સના સમાવેશથી ભારતીય સેનાના સશસ્ત્ર દળોની કાર્યક્ષમતા અને ક્ષમતામાં મોટો વધારો થશે. બખ્તરબંધ પ્લેટફોર્મના આ મહત્વપૂર્ણ સબ-સિસ્ટમના દેશમાં જ ઉત્પાદનનું આ પગલું ભારતીય ઉદ્યોગો દ્વારા સંશોધન અને વિકાસ ('મેક-II' કેટેગરી)નું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ કરાર 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત 2047'ના વિઝનને અનુરૂપ છે, જે ભારતીય સંરક્ષણ ક્ષેત્રને સ્વાવલંબી અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાની દિશામાં એક મહત્ત્વનો માઈલસ્ટોન છે.

### અફઘાન સરહદ...

ત્રણ નાગરિકોના મોત થયા હતા અને અન્ય ચાર ઘાયલ થયા હતા. તાલીબાન પ્રવક્તાએ આ હુમલાને વખોડીને કહ્યું હતું કે તેનો યોગ્ય જવાબ આપવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, "ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, અફઘાનિસ્તાન સાથેના સરહદી વિસ્તારમાં 'ફિતના અલ ખવારીજ' અને તેના સંલગ્ન જૂથોના આતંકવાદી કેમ્પો અને અડ્ડાઓને ચોક્કસતા અને સચોટતા સાથે લક્ષ્ય બનાવીને હુમલા કરવામાં આવ્યા છે." 'ફિતના અલ-ખવારીજ' એ પાકિસ્તાન સરકાર અને સેના દ્વારા તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન(TTP) અને તેની સાથે જોડાયેલા આતંકવાદી જૂથોનો ઉલ્લેખ કરવા માટે વપરાતો શબ્દ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ત્રણ લક્ષ્યોને નષ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં આત્મઘાતી બોમ્બરો માટેનું તાલીમ કેન્દ્ર પણ સામેલ હતું. 28 આતંકવાદીઓ માર્યા ગયા હોવાના પાકિસ્તાનના દાવાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. આ હુમલા ખૈબર પખ્તુનખ્વામા તાજેતરના દિવસોમાં સુરક્ષા દળો અને પોલીસ કર્મચારીઓ પર થયેલા જીવલેણ હુમલાઓ બાદ કરવામાં આવ્યા છે. પાકિસ્તાને અફઘાન ભૂમિ પરથી સક્રિય આતંકવાદી જૂથો પર દેશની અંદર હુમલા કરવાનો આરોપ મૂક્યો છે અને કાબુલમાં તાલિબાન સરકારને આવા જૂથો સામે પગલાં લેવા માટે વારંવાર વિનંતી કરી છે. જો કે, અફઘાનિસ્તાન પોતાની જમીનનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ હુમલા માટે થવા દેવાનો ઈનકાર કરે છે.

### કોંગ્રેસ સહિતના...

જાહેર રસ્તાઓ પર દીકરીઓ કેમ સુરક્ષિત નથી. આ સિવાય આરજેડી નેતા તેજસ્વી યાદવે રાજ્યમાં ફેલાયેલી અરાજકતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબદાર ઠેરવ્યા હતા. આમ આદમી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસે પણ કાયદો અને વ્યવસ્થાના મુદ્દે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. બીજી તરફ, ભાજપના પ્રવક્તાએ પીડિતોની ફરિયાદ વગર જ તપાસ શરૂ કરવા બદલ પોલીસની સક્રિયતાની પ્રશંસા કરી હતી. કેન્દ્રીય મંત્રી અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહે કહ્યું કોઈ એક છૂટાછવાયા બનાવના આધારે સમગ્ર બિહારની કાયદો-વ્યવસ્થાને જજ કરી શકાય નહીં, અને આવા કિસ્સામાં પોલીસ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરી રહી છે.

### ફક્ત આર્યસમાજનું...

જણાવ્યું હતું કે ઓગસ્ટ 2007માં આર્યસમાજ મંદિરમાં લગ્ન થયા હતા. મંદિરના પૂજારીએ પણ જણાવ્યું હતું કે લગ્ન તેમની હાજરીમાં સંપન્ન થયા હતા. સત્તાવાળાઓ સમક્ષ નોટરી પ્રમાણપત્રો પણ રજૂ કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે 'પ્રિયા બાલા ઘોષ વિરુદ્ધ સુરેશ ચંદ્ર ઘોષ (1971)' કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો, જે હિન્દુ લગ્ન સ્થાપિત થવા માટે જરૂરી વિધિઓ આવશ્યક ગણાવે છે. કોર્ટે ઠરાવ્યું હતું કે, જરૂરી હિન્દુ વિધિઓની ગેરહાજરી અંગે ફરિયાદીના પોતાના નિવેદનને ધ્યાનમાં રાખીને, કથિત 2007ના લગ્નને "કાયદાની નજરમાં" લગ્ન ગણી શકાય નહીં. તદનુસાર, કોર્ટે બરતરફીનો આદેશ રદ કર્યો હતો અને સત્તાવાળાઓને પાંડેને તરત જ પુનઃ ફરજ પર લેવાનો નિર્દેશ આપ્યો હતો.

### બિહારમાં મિત્ર સાથે...

પર વાયરલ થતાં સમગ્ર દેશમાં ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યો હતો.

આ ઘટના અંગે તાત્કાલિક સંજ્ઞાન લેતા જમુઈ પોલીસે સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર દીપ્તિ મોનાલીના નેતૃત્વમાં એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી હતી. વાયરલ વીડિયો અને વાહનના રજિસ્ટ્રેશન નંબરના આધારે પોલીસે પીડિતોનો સંપર્ક કરીને જમુઈ પોલીસ સ્ટેશનમાં POCSO એક્ટ અને BNSની સંબંધિત કલમો હેઠળ FIR નોંધી હતી. પોલીસે વીડિયોમાં દેખાતા સાત આરોપીઓની ઓળખ કરીને ત્રણ અસામાજિક તત્વોની અટકાયત કરી લીધી છે, જ્યારે બાકીના આરોપીઓને ઝડપી પાડવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે.